કચેરીનાં ઉપયોગ માટે

# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## રાઈસ બ્રાન (ચોખા કૂસકી)ની ખરીદી બાબત.

ટેન્ડર નંબર : NAU/KVK/03-2019-20 ઈસ્યુ તારીખ : ......................

| –: નોંધ :– |
|---|
| આ ટેન્ડર ફોર્મ લેવા માટે નાણાં રોકડા ભર્યા હોય તો તેની રસીદ/ ડી.ડી. જોડવા નહીતર સદર ફોર્મ અપૂર્ણ ગણી રદ કરવામાં આવશે. |

ICAR


વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦, ગુજરાત
ટેલીફોન નંબર : (૦૨૬૩૭)૨૮૨૦૦૮,૨૮૨૦૦૯

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી – ૩૯૬ ૪૫૦ (ગુજરાત)**

# ભાવ પત્રક

## રાઈસ બ્રાન (ચોખા કૂસકી)નું ભાવપત્રક

ભાવપત્રક મોકલવાની છેલ્લી તારીખઃ ૧૨/૦૯/ ૨૦૧૯

જા.નં/ ન.કૃ.યુ/કેવિકે/કે–૪/ટેન્ડર/ /૧૯ તા. / /૨૦૧૯

| | |
|---|---|
| ટેન્ડર ફી | રૂ. ૧૫૦૦/– |
| રસીદ/ડી.ડી./ચેક નંબર | |
| તારીખ | |
| બેંકનું નામ | |
| સક્ષમ અધિકારીની સહી | |

| અ.નં | ખરીદીની વિગત | સ્પેશીફીકેશન | અંદાજીત ખરીદી જથ્થો (કિ.ગ્રા.) | ભાવ રૂ. (પ્રતિ કિગ્રા) |
|---|---|---|---|---|
| ૧. | રાઈસ બ્રાન (ચોખા કૂસકી) | રાઈસ બ્રાન (માછલી ખોરાક તરીકે) | ૧૮,૦૦૦ | |

**ભાવપત્રક મોકલનારની સહી અને સિકકો**

**ખરીદીની શરતોઃ–**

(૧) ભાવ તમામ ટેકસ સાથેના આપવા. ભાવના સંદર્ભમાં કરવેરા જેવા કે જીએસટી વિગતો ભાવોમાં સ્પષ્ટ જણાવવાની રહેશે. જો આ માહિતી આપવામાં નહિ આવે તો બધા વેરાનો સમાવેશ આપેલ ભાવો સાથે સમાવેશ થઈ ગયેલ છે એમ માની લેવામાં આવશે.

(૨) નિયત ટેન્ડર ફોર્મ રોકડેથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી ખાતેથી કચેરી સમય દરમ્યાન (૯:૦૦ થી ૧૭:૦૦)મળી રહેશે અને જે પાર્ટી www.nau.in પરથી ટેન્ડર ડાઉનલોડ કરીને ભરશે તેમણે તેની સાથે ટેન્ડર ફી તરીકે ડીમાન્ડ ડ્રાફટ/ચેક **“SENIOR SCIENTIST AND HEAD KVK NAU NAVSARI”** ના નામનો SBI NAU Branch, Navsari નો કાઢી ટેન્ડર સાથે મોકલવાનો રહેશે. જે રકમ પરત મળવાપાત્ર નથી.

(૩) ટેન્ડર ભરનાર દરેક પાર્ટીએ EMD તરીકે રૂા.૯,૦૦૦/– રકમનો ડી.ડી. **“SENIOR SCIENTIST AND HEAD KVK NAU NAVSARI”** નો કાઢી ટેન્ડર સાથે મોકલવાનો રહેશે. જે રકમ કોઈ પણ જાતના વ્યાજ વગર કામ પૂર્ણ કર્યાના પ્રમાણપત્ર આપી રીએમ્બર્સ કરી આપવામાં આવશે.

(૪) ભાવપત્રકને (તમામ વિગતો સાથે) બંધ કવરમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી – ૩૯૬૪૫૦ની કચેરીને તા.૧૨/૦૯/ ૨૦૧૯ નાં ૧૭:૦૦ કલાક પહેલા પોસ્ટ/ કુરીયર દ્વારા મોકલવું.

(૫) ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની વિગત પ્રમાણેનું ભાવપત્રક જ માન્ય ગણાશે.

(૬) બંધ કવર પર "રાઈસ બ્રાનના ભાવ" તેમ તથા ભાવપત્રક અને મોકલનારનું નામ અને સરનામું અવશ્ય લખવું.

(૭) "રાઈસબ્રાનની ગુણવત્તા ખૂબ જ આવશ્યક છે અને જરૂર જણાયે રૂબરૂ વાટાઘાટથી ભાવો નકકી કરવામાં આવશે.

(૮) ભાવપત્રકને રદ કરવાનો હક નકકી કરેલી કમીટીનો રહેશ જેનો કોઈ પણ ખુલાસો આપવામાં આવશે નહીં, જેની રજુઆત કોર્ટમાં કરી શકાશે નહીં.

(૯) ભાવપત્રક જમા થયા પછી કોઈપણ ફેરફાર કરી શકાશે નહી.

(૧૦) કોઈપણ રકમની ચૂકવણી આગળથી થશે નહીં. પેમેન્ટ યુનિવર્સિટીના નિયમોનુસાર કરવામાં આવશે તેમજ માલસામાન ઉધારબીલથી આપવાનો રહેશે અને માલની ચકાસણી કર્યા પછી જ બીલની રકમ ચૂકવવામાં આવશે.

(૧૧) કોઈપણ છૂટછાટ કે " Offer "ને ભાવપત્રકમાં જરૂરથી દર્શાવવી.

(૧૨) કોઈપણ પ્રશ્ન/ડીસપ્યુટ ઉપસ્થિત થાય તો યુનિવર્સિટીના સત્તાધિશ અધિકારીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો નિર્ણય ફાઈનલ રહેશે અને તે બંધનકર્તા રહેશે અને કોઈપણ જાતની કાનુની કાર્યવાહી નવસારી જિલ્લા પુરતી મર્યાદિત રહેશે.

(૧૩) એકવાર માન્ય રાખેલ ભાવોનો ઉપયોગ નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળની દરેક કચેરીઓ માટે વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન માન્ય રહેશે.

(૧૪) મોકલવામાં આવેલ"રાઈસ બ્રાનની ગુણવત્તા અને સ્પેશીફીકેશન જણાશે નહીં તો પેમેન્ટ અટકાવી દેવામાં આવશે તેમજ આવી પોતાની જવાબદારીએ પરત મેળવી લેવાની રહેશે અને આપવામાં આવેલ ઓર્ડર કેન્સલ થયેલ ગણાશે.

(૧૫) "રાઈસબ્રાનના" ભાવ કેવિકે નવસારી સુધી પહોચાડવાના રહેશે.

(૧૬) માન્ય થયેલ વ્યાપારી અથવા ખેડૂતે જરૂરી પ્રમાણપત્ર, PAN નંબર રજુ કરવાનો રહેશે.

(૧૭) જે તે વસ્તુઓ પર આવકવેરો લાગુ પડતો હશે તેવી વસ્તુઓના બીલમાંથી આવકવેરાની કપાત નિયમ મુજબ કરવામાં આવશે.

(૧૮) માલસામાન મોકલવાનો સમયગાળો ઓર્ડર આપ્યા પછી ૧૫ દિવસનો રહેશે જેમાં વસ્તુઓ (માલસામાન) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી ખાતે પહોંચાડવાની તથા ઉતારવાની બધી જવાબદારી જે તે પાર્ટી (વ્યકિત) ની રહેશે.

(૧૯) ટેન્ડરમાં અંદાજીત ખરીદીનો જથ્થો દર્શાવેલ છે પરંતુ ગ્રાન્ટની મર્યાદામાં અને યુનિવર્સિટીના સક્ષમ ઓથોરીટીની મંજુરી પછી જ જરૂરીયાત મુજબનો જે તે વસ્તુનો જથ્થો ખરીદવામાં આવશે જેમાં વધ–ઘટ થવાની શકયતા રહેશે.

**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા**